/૫

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રી માટે નવું વાહન ખરીદવા અંગે રૂ.૦૮.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૩૬૮/ન.બા.૧/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૪/૦૪/૨૦૧૮.

વંચાણે લીધાઃ-

(૧) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૨૯/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃકમિ/અપગ/૨૦૧૭-૧૮/વહટ/૫૬૬.

(૨) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૩/૦૩/૨૦૧૮નો પત્ર નં. અપગ/નવીબાબત/૧૭-૧૮/૬૧૯.

આમુખ :-

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરની સ્થાપના વિકલાંગ ( સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી ) ધારો-૧૯૯૫ હેઠળ તા.૦૭.૦૨.૧૯૯૬થી એક સ્વતંત્ર કમિશનરની કચેરી તરીકે થયેલ છે. આ એક અર્ધન્યાયિક પ્રકારની સત્તા ધરાવતી કચેરી છે. વિકલાંગ વ્યક્તિઓના હક્કોના ભંગના કિસ્સાઓમાં આ કચેરી સીવીલ કોર્ટ તરીકેની કામગીરી બજાવે છે.

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રી માટે વર્ષ ૨૦૧૧-૧૨ના નાણાકીય વર્ષમાં ઓક્ટોબર-૨૦૧૧માં વાહન મારૂતિ એસ.એકસ.૪ જીજે-૧૮-જી૫૨૫૫ ખરીદવામાં આવેલ હતી. આ વાહનના બે લાખ કિલોમીટર આગામી બે થી ત્રણ માસમાં પુરા થવાની તૈયારીમાં હોઈ આ સંજોગોમાં વર્ષ ૨૦૧૮-૧૯માં કમિશનરશ્રીના ઉપયોગ માટે ગાડી ન હોઈ આ ગાડી કન્ડમ કરી કમિશનરશ્રી માટે નવું વાહન ખરીદવા અંગેની નવી બાબતનો રૂ.૦૮.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંકઃ (૨)ની વિકલાંગ

વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) અને (૨) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રી માટે નવું વાહન ખરીદવા અંગે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની જોગવાઈનો રૂ.૦૮.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનું હાલનું જુનું વાહન GJ-18-G-5255 રદ બાતલ કરવાની શરતે, તેમજ જુનું વાહનને રદ બાતલ કર્યા અંગેના હુકમો કર્યા બાદ Maruti Ciaz, A.C.Petrol મોડલનું નવું વાતાનુકૂલિત વાહન ખરીદવાનું રહેશે તે શરતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં માં.ક્ર:૯૨, મુ.સ.- ૨૨૩૫-૦૨-૧૦૧-૦૭ સદરે નવી બાબતની મંજુર થયેલ રૂ.૦૮.૦૦(અંકે રૂપિયા આઠ લાખ પુરા)ની જોગવાઈને નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(3) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪.૦૯.૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘની જોગવાઈઓ અને શરતોને અનુસરીને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન કરવાની રહેશે.

(૬) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં. તેમજ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

(૭) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોવાથી કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૮) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪.૦૯.૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની જવાબદારી કમિશનરશ્રીની કચેરીની રહેશે.

(૯) વાહનની ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૧-૦૭ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૮/03/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.